ગાંધીનગર સમાચાર

શ્રમજીવી બાળકોએ સ્માર્ટ સીટીના ચિત્રો દોર્યા

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે આયોજિત ભગવત્ કૃપા પર્વ અંતર્ગત સવારે ૯.૦૦ કલાકે કથા શ્રવણ, બપોરે ૩.૦૦ કલાકે ભગવત્ કૃપા આસ્વાદ રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાંજે ૬ કલાકે સેકટર-૧૭ સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ ખાતે કાર્યકરોનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● જીતેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૪/૧, સેકટર-૪-એ ખાતે સાંજે ૮.૦૦ કલાકે સીતારામ દવેની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ટીંટોડામાંથી પેથાપુર પોલીસે બિયરના ટીન પકડયા

ગાંધીનગર, તા.૨૫

પેથાપુર પોલીસે ગઈ કાલે સાંજે ટીંટોડા ખાતે એક મકાનમાં દરોડો પાડીને બિયરના ટીન પકડયા હતા. બાતમીના આધારે પેથાપુર પોલીસે રાજુ હિંમત ઠાકોરના ત્યાં દરોડો પાડી ૧૨ નંગ બિયર કબ્જે કર્યા છે જો કે રાજુ ઠાકોર મળી આવ્યો ન હોવાથી ફરાર રાજુ સામે પ્રોહીબીશનનો ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## શહેર મોચી સમાજનું સ્નેહમિલન રવિવારે

ગાંધીનગર શહેર મોચી સમાજનો સ્નેહમિલન તથા તેજસ્વી તારલાનો સન્માન સમારંભ તા. ૨૭-૧૨-૨૦૧૫ને રવિવારે સેકટર-૨૩ કડી સ્કુલ બ્રહ્માણી હોલ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજવામાં આવ્યો છે. જેમાં પધારવા સૌ સમાજજનોને સમાજ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહેરમાં નગરયાત્રાએ આકર્ષણ જમાવ્યું

### સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતેથી નીકળેલી નગરયાત્રામાં ૧૦ ટેબ્લો, ૧૦૦ ગાડી, ૫૦ બાઈક, ૩ ભજન મંડળી સહિત હજારો હરિભક્તો જોડાયા








(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતેથી ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરયાત્રામાં ૧૦થી વધુ સમાજ ઉપયોગી ટેબ્લો રાખવામાં આવ્યા હતા. સંગીતના સથવારે બપોરે ૨ કલાકે નગરયાત્રાનું પૂજય હરિકેશવદાસજી શાસ્ત્રી, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે ફલેગ બતાવી નગરયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે હરિસ્વામી તેમજ અન્ય સંતગણ સહિત મોટી સંખ્યામાં હરિભકતો હાજર રહ્યા હતા. નગરયાત્રા શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. નગરયાત્રામાં ૧૦૦ થી વધુ ગાડીઓ તેમજ ૩ ભજન મંડળી સહિત ૫૦ થી વધુ બાઈક લઈ યુવાનો જોડાયા હતા. શહેરના વિવિધ માર્ગો પર નગરયાત્રા પસાર થઈને સાંજે નગરયાત્રા નિજ મંદિરે પરત ફરી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્થિત સ્વામી નારાયણ મંદિરના યુવક મંડળને ૨૫ વર્ષ થતા ભગવતકૃપા પર્વની ઉજવણી ચાલી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે સમાજમાં શાંતિ સુલેહ સદ્ભાવ જળવાઈ રહે તેવા શુભ આશયથી યુવક મંડળ દ્વારા નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ મંદિર ખાતેથી બપોરે ૨ કલાકે નગરયાત્રા રંગેચંગે નીકળી હતી. નગરયાત્રા શહેરના વિવિધ માર્ગો પર પસાર થઈ હતી. જેમાં સેકટર-૨૩ મંદિરથી ઘ-૬ થઈ ઘ માર્ગ પર ઘ-૫, ઘ-૪, ઘ-૩ થી ચ માર્ગ પર ચ-૩, ચ-૨ થી પસાર થઈને ઘ-૨, ઘ-૧, માર્ગ પરથી પસાર થઈને ગ માર્ગ પર ગ-૫ થી ખ રોડ પર ખ-૫, ખ-૬ના માર્ગે આગળ વધીને ક રોડ પર ક-૬, ક-૭, ખ-૭, ગ-૭, ગ-૬ થઈને નિજ મંદિર પરત ફરી હતી. આ નગરયાત્રામાં પર્યાવરણ બચાવો, બેટી બચાવો, મહિલા સશકિતકરણ, વ્યસન મુકિત, વનસંરક્ષણ, વિજ્ઞાન ટેકનોલોજી, સ્વચ્છતા, વાંચે ગુજરાત, સંત મહિમા, ભગવતકૃપા પર્વ, ટ્રાફીક નિયમન, ઉર્જા બચાવો, જળ બચાવો, ખોરાક, કિર્તનભકિત, કમળ રાજહંસ સહિતના ટેબ્લો જનજાગૃતિ માટે રાખવામાં આવ્યા હતા. સંગીત તેમજ ડી.જેના તાલે નીકળેલી નગરયાત્રા સૌ નગરજનનું આકર્ષણનું કેન્દ્ર બની હતી. નગરયાત્રામાં ૩ મહિલા ભજન મંડળી, ૧૦૦થી વધુ ગાડી તેમજ ૫૦ બાઈક લઈને યુવાનો સહિત પાંચ હજારથી વધુ હરિભકતો જોડાયા હતા. નગરયાત્રને પગલે શહેરમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું.

### સાઈકલ સવાર માટે આનંદના સમાચાર

## ગાંધીનગરમાં સાઈકલોન સાઈકલીંગ ગૃપનું ડિવિઝન શરૂ કરાયું



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં સાઈકલોન સાઈકલીંગ ગૃપનું નવું ડિવીઝન શરૂ કરવામાં આવ્યું છે. જેની પહેલી રાઈડ સવારે ૭.૩૦ કલાકે ઘ-૦થી રક્ષાશકિત સર્કલ એરફોર્સ સર્કલ થઈને એજ રૂટથી પરત આવી હતી. નગરના નગરજનો જે આ ગૃપમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ પહેલીવાર ગૃપના મેમ્બર બનવા માટે www.cyclone.org.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

આ ગૃપનો મુખ્ય ઉપદેશ લોકો સાઈકલીંગ કરે અને સાઈકલીંગથી થતા ફાયદાઓ જાણે જેવા કે સાઈકલીંગથી ટેન્શન કઈ રીતે ઓછું કરવું, સાચુ અને સરળ સાઈકલીંગ કેમ કરવું, સહિતના વિવિધ પ્રકારના ફાયદાઓથી લોકોને રૂબરૂ કરાવવાનો છે. ગાંધીનગર ડિવિઝનનું હેન્ડલીંગ જયરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવશે. તેમજ ગાંધીનગરના પ્રખ્યાત સાઈકલીસ્ટ આલોક બ્રહ્મભટ્ટ પણ આ ગૃપમાં જોડાયા છે. જેઓએ થોડા સમય પહેલા જ લેક-મનાલી સાઈકલીંગ કરી નગરનું નામ રોશન કર્યું હતું.

## મકાનમાં ચાલતા જુગારધામ પર એલસીબીનો દરોડો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક અડાલજ ટાઉન વિસ્તારમાં એક મકાનમાં જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી ૧૫ શકુનીઓને પકડી પાડયા હતા. રૂ. ૨.૧૭ લાખના મુદ્દામાલ સાથે તમામ શકુનીઓની ધરપકડ કરી લઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે બાતમીને આધારે અડાલજ ટાઉનના ઝાલાપરા વાસમાં લક્ષ્મણજી ખોડાજી ઠાકોરના મકાનમાં દરોડો પાડયો હતો. મકાનમાં જુગાર રમી રહેલા અડાલજના બાબુ ખોડા ઠાકોર, જશુ લક્ષ્મણ ઠાકોર,

**અડાલજમાં દરોડો પાડી રૂ. ૨.૧૭ લાખના મુદ્દામાલ સાથે ૧૫ શકુનીઓની પોલીસે ધરપકડ કરી**

ગોપાલ બળદેવ ઠાકોર, રોનક રમેશ પટેલ, વિષ્ણુ દૂધા ઠાકોર, ગોપાલ ભીખા ઠાકોર, રાકેશ અમરા ઠાકોર, રાકેશ ચંદુ ઠાકોર, હસમુખ રમેશ પટેલ, દિનેશ મગન પરમાર, મહેશ શંકર ઠાકોર અને અમરત બળદેવ ઠાકોર ઉપરાંત કલોલ છત્રાલ જીઆઈડીસીના અજય રામનાથ શર્મા, મોટી આદરજના જગા હરી ઠાકોર અને કુડાસણના દિનેશ મંગા ઠાકોર મળી પંદર જુગારીઓને રોકડ રૂ. ૧,૬૫,૬૨૫ તથા ૫૧,૫૦૦ની કિંમતના ૧૭ નંગ મોબાઈલ સહિત રૂ. ૨,૧૭,૩૨૫ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાતવાતમાં

● શહેરના સેકટર-૬ શ્રમજીવી વસાહત ખાતે આસપાસના મેદાનમાં શ્રમજીવી પરિવારનું નાનું બાળક પતંગ પકડવા વારંવાર આમ તેમ દોડી રહ્યું હતું આથી તે બાળકની જ માતાએ બાળક પતંગ પકડવા ન જાય તે માટે રીતસર તે બાળકને રસ્સીથી બાંધી દીધો હતો. મા કાળજુ કાઠું રાખીને બાળકને દોરી વડે બાંધી શકે છે કારણ કે માને બાળકની હંમેશા ચિંતા હોય છે.

● ગાંધીનગર સહિત વિશ્વભરમાં આજે ભારે હર્ષોલ્લાસપૂર્વક નાતાલ પર્વની ઉજવણી થઈ પરંતુ મોટા ભાગના લોકો અન્નપૂર્ણા જયંતિને સાવ ભૂલી ગયા હતા જે વાત ઘણા લોકોમાં ચર્ચાનો વિષય બની હતી.

● ગાંધીનગર સમાચારના પૂર્વ કર્મચારી અને ગાંધીનગરની દીકરી સુશ્રી જીનાલી દેસાઈના મહાશોધ નિબંધ સાબરડેરીની આદિવાસી કુટુંબો પર પડેલી આર્થિક અસરોનું લોકાર્પણ ઈડરના દેવગઢકંપા ખાતે મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીના વરદ હસ્તે સવારે ૧૦.૦૦ કલાકે થશે.

● સેકટર-૨૪ ઈન્દીરા નગર ખાતે રહેતા મહેન્દ્રભાઈ પરમાર પોતાની નવી નકોર હિરો જેટ કંપની રૂ. ૪૨૦૦ની કિંમતની સાયકલ લઈ સિવિલ હોસ્પિટલમાં આવ્યા હતા પરંતુ થોડા સમય બાદ સવારે ૧૧ કલાકે કોઈ ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આખરે સાયકલ માલિક મહેન્દ્રભાઈની આજીજી પછી સેકટર-૭ પોલીસે સાયકલ ચોરીની ફરિયાદ નોંધી હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## બ્રહ્માકુમારીઝ દ્વારા 'સ્માર્ટ લિવીંગ ઈન સ્માર્ટ સીટી' વિષય પર ટૉક શૉ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

બ્રહ્માકુમારીઝ, સેકટર-૨૮ ગાંધીનગર દ્વારા ગત રોજ સેકટર-૧૯ જીમખાના ખાતે 'સ્માર્ટ લિવીંગ ઈન સ્માર્ટ સીટી' પર ટૉક શૉનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારે દેશના ૧૦૦ સીટીને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા નિર્ણય કરેલ છે. જેમાં પ્રથમ ફેઝમાં રાજયના ચાર સીટી પૈકી એક ગાંધીનગરને પણ સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા પસંદગી થયેલ છે. સરકારની અથાગ મહેનત બાદ સીટી તો સ્માર્ટ બનશે પણ તેની સાથે સ્માર્ટ સીટીમાં રહેનારા નાગરીકોને પણ સ્માર્ટ લીવીંગ માટે સજ્જ થવું જરુરી છે. જેથી જેના પર વિચાર વિમર્શ કરી નાગરીકોને સહભાગી થવાની દિશામાં અંગુલી નિર્દેશ કરવાનો આ ટૉક શૉનો મુખ્ય આશય હતો.




(તસવીર : કશ્યપ નિમાવત)

મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અને કુ. શીતલ દ્વારા નૃત્ય રજુ કરીનો સ્વાગત કરવામાં આવેલ. આ ટૉક શૉ માં વિષય પર પ્રકાશ પાડવા બ્રહ્માકુમારીઝના વર્લ્ડ હેડકવાટર માઉન્ટ આબુથી રાજયોગિની બી.કે. ઉષાદીદી સાથે બ્રહ્માકુમારીઝ ગાંધીનગર ડીસ્ટ્રીકટ ડાયરેકટર રાજયોગિની બી.કે. કૈલાશદીદીની તથા રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના વડા-અધિકારીશ્રીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટૉક શૉના મુખ્ય મહેમાન પદે શ્રી જી.આર. ચૌધરી-આઈએસ-મ્યુનિસિપલ કમિશનરે સરકાર કક્ષાએથી કરાતા આયોજનમાં નાગરિકોના સાથ સહકાર માટે અપીલ કરેલ જયારે શ્રી સી.વી. સોમ-આઈએસ-મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત રાજય સિવિલ સપ્લાય કોર્પોરેશન લી. ગાંધીનગરે નાગરીકોના અધિકારની સાથે સ્માર્ટ સીટીમાં નાગરિકોની વિવિધ ફરજો વિશે સુંદર છણાવટ રજુ કરી હતી. અતિથિ વિશેષ પદેથી શ્રી એમ.એસ. ધિલ્લોન-આઈટીએસ, મુખ્ય જનરલ મેનેજર બીએસએનએલ-ગુજરાત સર્કલ-અમદાવાદ, શ્રી મહેન્દ્રસિંહ રાણા-પૂર્વ મેયરશ્રી ગાંધીનગર, શ્રીમતી હંસાબેન મોદી-મેયરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકાએ ખાસ હાજર રહી પોતાના વિચારો રજુ કર્યા હતા.

અંતમાં શ્રી આશિષ ઠાકર, જનરલ મેનેજર બીએસએનએલ-ગાંધીનગર એ આભારવિધિ સાથે ગીત રજુ કર્યું હતું. આ કાર્યક્રમનો ૫૦૦ જેટલા મહાનુભાવોએ લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે સૌએ પ્રભુપ્રસાદનો સ્વીકાર કર્યો હતો.

## શહેરમાં રોજ ૩૦,૦૦૦થી વધુ મુસાફરોનું આવન-જાવન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર પથિકાશ્રમ પાસે એસ.ટી. ડેપોમાં રોજના લગભગ ૩૦,૦૦૦થી વધુ મુસાફરો આવન જાવન કરે છે. જેમાંથી ગાંધીનગર અમદાવાદ સીટી બસ સર્વિસમાં ૧૫૦૦૦થી વધુ મુસાફરો આવન જાવન કરે છે.

ગાંધીનગર એ.ટી. ડેપોની નિયમિત બસો ઉપરાંત, ગાંધીનગર જનતાની માંગ અનુસાર સ્પેશીયલ બસો દર પુનમે અંબાજી, ડાકોર તથા ચોટીલા જવા માટે સવારે ઉપલબ્ધ છે. હાલ, ગાંધીનગર એસ.ટી. ડેપો અદ્યતન સુવિધાઓથી સજ્જ છે. જેમ કે એસ.ટી. નિગમ દ્વારા મુસાફરો ઘરે બેઠા જ



www.gsrtc.in વેબસાઈટ ઉપર પોતાની ટીકીટ રીઝર્વ કરાવી શકે છે. તદઉપરાંત એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની સવલત માટે ટોલ ફ્રી નંબર (ઓનલાઈન) ૧-૮૦૦-૨૩૩-૬૬૬૬ તથા વોટસએપ નંબર ૯૯૯૮૯૫૩૦૦૮ ઉપલબ્ધ છે.

મુસાફરોની ફરીયાદના નિવારણ માટે ઓનલાઈન ગ્રાહક ફરીયાદ નિવારણ એપ્લીકેશન પણ બનાવવામાં આવેલ છે. જેમાં મુસાફરો, મુસાફરી દરમિયાન પડતી અગવડતા બાબતે ઘરે બેઠાં ઓનલાઈન એપ્લીકેશન ઉપર ફરીયાદ કરી શકે છે.

ગાંધીનગર-અમદાવાદની જનતાના લાભ માટે કન્સેશન પાસની સુવિધા મુસાફરો તથા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. ગાંધીનગર એસ.ટી. ડેપોના મેનેજરશ્રી, યોગેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર અહીંથી રોજની ૧૦૦થી વધુ બસો વિવિધ રૂટો ઉપર ઉપડે કે જેથી ગુજરાતના કોઈ પણ ખુણા સુધી આસાનીથી ગાંધીનગર એસ.ટી. ડેપો થી જઈ શકાય છે. આમ આ એસ.ટી. ડેપો ખુબ જ સારી ટ્રાન્સપોર્ટ કનેકટીવીટી ધરાવતું ડેપો છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોની અંદર બુક સ્ટોર તથા કેન્ટીનની પણ સુવિધાઓ ઉપલબ્ધ છે તથા દરેક જગ્યાએ સ્વચ્છતા ઉપર ખુબ જ ધ્યાન આપવામાં આવે છે. પરંત ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે પીવાના પાણીની વધુ સારી સગવડ મુસાફરોના હિતાર્થે કરાવવી જરૂરી છે. તથા ભવિષ્યમાં એસ.ટી. નિગમ દ્વારા એસ.ટી. બસોની અંદર જીપીએસ પણ લગાડવા જોઈએ જેથી કરીને એસ.ટી. બસનું એકઝેટ લોકેશન જે તે સમયે જાણી શકાય.

# શ્રમજીવી બાળકોએ સ્માર્ટ સીટીના ચિત્રો દોર્યા

### સેકટર-૧૬ ખાતે નાતાલ પર્વ નિમિત્તે શહેરના બે સેવાભાવી યુવાનો દ્વારા અનોખો કાર્યક્રમ સ્વચ્છતા માટે લોકજાગૃતિ માટે યોજાયેલ કાર્યક્રમમાં ૬૫થી વધુ શ્રમજીવી બાળકો જોડાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા મથામણ ચાલી રહી છે. જેમાં નગરને દબાણ મુકત તેમજ સ્વચ્છ બનાવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. નગરજનો તેમજ આવનારી પેઢીમાં સ્માર્ટ સીટી અંગે જાગૃતતા આવે તે માટે લોક જાગૃતિ કેળવવાના પ્રયત્નો હાથ ધરાયા છે. ગાંધીનગરના સેકટર-૧૬ ખાતે નાતાલ પર્વની ઉજવણી નિમિત્તે શ્રમજીવી વિસ્તારના બાળકો માટે સ્માર્ટ સીટી વિષય ઉપર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નાતાલ પર્વ તથા સ્માર્ટ સિટી વિષય અંતર્ગત ગત ૨૫મી ડિસેમ્બરના રોજ શ્રમજીવી વિસ્તારના બાળકો માટે સે-૧૬માં ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ૬૫થી વધુ શ્રમજીવી બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો





હતો. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ સ્માર્ટ સીટી વિષય ઉપર ચિત્ર દોરી રંગબેરંગી રંગો ભરી ડ્રોઈંગ શીટને શણગારી હતી. આ સ્પર્ધામાં મોટા ભાગના બાળકોએ સ્વચ્છતા વિષયને ધ્યાને લઈ સરસમજાના ચિત્રો દોરી લોકોને સંદેશ પહોંચે તેવા ચિત્રો દોર્યા હતા. બાળકોનો આ ઉત્સાહ જોઈ ઉપસ્થિત તમામ મહેમાનોએ બાળકોની ચિત્ર કલાની પ્રશંસા કરી હતી. ચિત્ર સ્પર્ધાનું આયોજન પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા, મહેન્દ્રભાઈ સોનારા તથા ધર્મેન્દ્ર પરમારે કર્યું હતું. પ્રદિપસિંહ વાઘેલા તથા વિજયસિંહ માજીરાણાએ સ્વચ્છતા પર ભાર આપીને બાળકોને સ્વચ્છતા અંગેની માહિતી પુરી પાડી હતી. જેમાં સ્વચ્છતા એ આપણા જીવનનો જ એક અંગ છે તથા સ્વચ્છતા રોજે રોજ કરવામાં આવે તો કયાંય પણ કચરો દેખાશે નહિ તેમજ કચરાથી થતી ગંદકી ઉપર કાબૂ મેળવી શકાશે. આ સહિતની સ્વચ્છતા અંગેની માહિતી બાળકોને આપી હતી તથા મહેન્દ્રભાઈ સોનારા તથા ધર્મેન્દ્રભાઈ પરમારે બાળકોને નાતાલ પર્વની માહિતી પુરી પાડી હતી.

આ ચિત્ર સ્પર્ધાની અંતે બાળકો દ્વારા દોરાયેલા ચિત્રોના આધારે ૧થી ૫ ક્રમાંકે ચિત્રોની પસંદગી કરવામાં આવી હતી. અને પસંદગી પામેલા ચિત્રોનું અવલોકન કરી બાળકોને ઈનામ વિતરણ કરાયા હતા. આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે સાહીલ સુમસેરા, દ્વિતીય ક્રમે મહેશ, તૃતીય ક્રમે રોશની દંતાણી, ચોથા ક્રમે દીપા સોનારા તેમજ પાંચમા ક્રમે વિષ્મા દંતાણી વિજેતા બન્યા હતા. આ તમામ વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના અંતે શ્રમજીવી વિસ્તારના બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## ચિરવિદાય

- સ્વ. મફતલાલ રાવજીભાઈ સોની, ઉ.વ.૯૨
- સ્વ. જલ્પાબેન હિરેનકુમાર વઢવાણા, ઉ.વ.૩૬
- સ્વ. મોતીબેન આત્મારામ પરમાર, ઉ.વ.૮૫
- સ્વ. રામાજી નાથાજી ઠાકોર, ઉ.વ.૩૦
- જશુભાઈ ગંગારામ ઉપાધ્યાય, ઉ.વ.૮૭
- સ્વ. ગાભાજી ધૂળાજી ઠાકોર, ઉ.વ.૬૫
- સ્વ. સંતોકબેન ચુનીલાલ ઠક્કર, ઉ.વ.૯૦